# સફળ વાર્તા



## "દાડમની સજીવ ખેતી"

**ડો. વિ. સી. ગઢિયા, શ્રી એસ. એચ. લાખાણી, ડો. જે. એન. ઠાકર અને ડો. કે. પી. બારૈયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર**

ખેડૂતની માહિતી:

| | | |
|---|---|---|
| ખેડૂતનું નામ | : | **શ્રી અલ્તાફભાઈ બોદુભાઈ સમા** |
| ફોન નંબર | : | ૭૦૧૬૩૩૬૦૪૧ |
| સરનામું | : | ગામ: ઢીંચડા<br>તાલુકો: જામનગર<br>જીલ્લો: જામનગર |
| ઉમર | : | ૩૫ વર્ષ |
| અભ્યાસ | : | ૧૨ પાસ |
| જમીન | : | ૧.૨૦ |
| પાકનું નામ | : | દાડમ |
| પશુઓની સંખ્યા | : | ૨ ગાય અને ૨ બળદ |
| વ્યવસાય | : | ખેતી |

શ્રી અલ્તાફભાઈ બોદુભાઈ સમા ખુબજ ઉત્સાહિત ખંતીલા અને સખત મહેનતુ, ૧૨ ધોરણ પાસ અને પશુપાલન ધરાવતા જામનગર જીલ્લાના ઢીંચડા ગામના ખેડૂત છે. ઢીંચડા ગામ દરિયા કિનારાથી અને જામનગર શહેરી વિસ્તારથી નજીક આવેલુ ગામ છે. તેમજ ત્યાં પાણી અને જમીન બન્ને ખારાશ યુક્ત/સાર યુક્ત છે. વળી વરસાદ પણ ખુબજ અલ્પ માત્રામાં પડે છે. સરેરાશ વાર્ષિક માત્ર ૪૦૦ થી ૪૫૦ મી. મી. જેટલો વરસાદ પડે છે. બાગાયતી પાકોની શક્યતા પણ આ વિસ્તારમા ખુબજ નહિવત પ્રમાણમાં છે તેમજ નીલ ગાય, રોઝ અને ભૂંડનો મુખ્ય પ્રશ્ન છે. અલ્તાફભાઈએ પોતાના ખેતરની ફરતે સુરક્ષિત કંટાળા તારની વાડ બનાવી છે.

અલ્તાફભાઈ ભણતર પુરું કરીને થોડો સમય નાની નોકરી કરી પરંતુ ત્યાં તેમને સંતોષ ન થતા તેમણે ખેતી કરવાનું વિચાર્યું. અલ્તાફભાઈ પરિવારનો સંપૂર્ણ આધાર માત્ર ખેતી પર છે. આવકનો બીજો કોઈપણ સ્ત્રોત નથી પરંતુ તેમણે ખેતીમાં ખુબજ ઉત્સાહ પૂર્વક રસ લઈ ખેતીને ધંધા તરીકે સ્વીકારી અને બાગાયતી પાકો તેમજ અન્ય શાકભાજી પાકોની સજીવ ખેતી છેલ્લા પાંચ વર્ષેથી કરી રહ્યા છે.

**પ્રાયોગીક ઉપયોગીતા:**

શ્રી અલ્તાફભાઈ બોદુભાઈ સમા ખુબજ ખંતીલા અને હંમેશા કંઈક નવું કરવાની જીજ્ઞાશા ધરાવે છે. તેઓ છેલ્લા ૧૮ વર્ષથી વર્ષથી મગફળી, કપાસ, તલ, મકાઈ, મરચી, લસણ, મગફળી, **કપાસ, મકાઈ, જુવાર, રજકો અને** ઘાસચારાના પાકોની સામાન્ય ખેતી કરતા હતા. ત્યારબાદ થોડા અનુભવ પછી તેમણે રીંગણ, **લસણ, મરચી અને** ડુંગળી જેવા પાકોની ખેતી કરતા થયા. તેઓ ઘણીવાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રના દરવાજા પાસેથી પસાર થતા પરંતુ ક્યારેય કેમ્પસમાં મુલાકાતે આવ્યા ન હતા. પરંતુ જ્યારે તેમના ગામમાં કૃષિ મહોત્સવનું આયોજન થયું ત્યારે તેઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના સંપર્કમાં આવ્યા ત્યારબાદ તેઓ નિયમીત રીતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેતા થયા તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજીત બધા તાલીમ પ્રોગ્રામમાં હાજર રહેતા. ત્યારે તેમણે દાડમની ખેતી વિષે સાંભળ્યું અને તેમણે દાડમની ખેતી કરવાનું નક્કી કર્યું. શરૂઆતમાં તેમણે દાડમની સામાન્ય ખેતી ચાલુ કરી અને જંતુનાશક દવાનો પણ ખુબજ મોટા પ્રમાણમાં ઉપયોગ કરતા હતા આ પધ્ધતિ ખુબજ ખર્ચાળ હતી અને વળતર પણ ખુબજ નહીવત પ્રમાણમાં મળતું હતું. દાડમની ખેતીમાં તેઓને શરૂઆતમાં ખુબજ મુશ્કેલી પડતી હતી ત્યારબાદ તેમણે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, **જુ.કૃ.યુ., જામનગરના વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન મેળવી અને સતત વૈજ્ઞાનિકોના સંપર્કમાં રહી તેમણે પોતાની દાડમની ખેતીની મુશ્કેલીના પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું. તેમણે વૈજ્ઞાનીકશ્રીઓ તરફથી દાડમની સજીવખેતી વિષે માહિતી આપવામાં આવી તેમજ પ્રોત્સાહિત કરવામાં આવ્યા ત્યારબાદ તેઓએ વૈજ્ઞાનીક પધ્ધતિથી દાડમની સજીવખેતીની શરૂઆત પોતાના ખેતરમાં કરી.**

અલ્તાફભાઈ પોતાના ખેતર પર જાતે જૈવિક દવાઓ તૈયાર કરતા. આ માટે તેઓ લીમડો, **આંકડો, કુવાર પાઠું, સીતાફળ વગેરેનાં પાન ભેગા કરી પાણીમાં ઉકાળી અને દ્રાવણ જાતે પોતાના ખેતર પર તૈયાર કરતા હતા અને ઉપયોગ કરતા હતા. આ ઉપરાંત તેમણે પાક સંરક્ષણના મુદ્દાને ધ્યાને લઈ ગોમૂત્ર, જીવામૃત અને પંચગ્વ્યનો પણ ઉપયોગ કરેલ. આ સાથે તેમણે સંપૂર્ણ રીતે** કોઈપણ પ્રકારના રાસાયણિક ખતરો કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરેલ ન હતો. તેમણે જૈવિક પ્રવાહી ખાતર, **સારું કોહવાયેલું દેશી ખાતર, અળશીયાનું ખાતર, મરઘાનું ખાતર અને**

**અન્ય જૈવિક દવાનો ઉપયોગ કરેલ હતો.**

અલ્તાફભાઈને સજીવખેતી અને રાસાયણીક ખેતીથી થતા દાડમમાં ચોખ્ખો તફાવત જોવા મળેલો. સજીવ ખેતીથી ઉત્પાદિત દાડમમાં છોડનો વિકાસ, **ફળની સાઈઝ, આકાર, સ્વાદ, આકર્ષિત કલર,** તેમજ ગુણવત્તાની દ્રષ્ટીએ રાસાયણિક ખેતીથી ઉત્પાદિત દાડમ કરતા ખુબજ ચડીયાતા હતા. વધુમાં બજારમાં ભાવ પણ ખુબજ સારા પ્રમાણમાં મળતા હતા.

અલ્તાફભાઈએ ૬૮૦૦ કીગ્રા./હેક્ટર દાડમનું ઉત્પાદન મેળવ્યું હતું. આ ફળનું વેચાણ તેમણે પોતના ખેતર પરથી અને જામનગરની માર્કેટમાં સરેરાશ રૂ. ૬૫/કિગ્રા. મુજબ વેચાણ કરેલ અને કુલ રૂ. ૪.૪૨ લાખ પ્રતિ હેક્ટર કુલ આવક મેળવેલ. તેમણે દાડમની ખેતી માટે કુલ રૂ. 0.૮૯ લાખનો ખર્ચ કરેલો. આમ તેમને કુલ રૂ. ૩.૫૩ લાખ પ્રતિ હેક્ટર દીઠ વળતર દાડમની ખેતી માંથી મેળવેલ.

આમ જ્યારે ચારેબાજુ સજીવ ખેતીના ગુણગાન ગવાઈ રહ્યા છે ત્યારે સજીવખેતીના જમાનામાં તેમણે આજે દાડમની સજીવખેતી ખેતીની શરૂઆત કરી છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. ઘણા ખેડૂત મિત્રોએ તેમના ખેતરની મુલાકાત પણ લીધી છે. અને તેઓએ શાકભાજી પાકોની ખેતીની શરૂઆત પણ કરી ૧.૨૦ હેક્ટર જમીનમાંથી છેલ્લા ૫ વર્ષ થી કંઈક ને કંઈક નવીન કરતા રહે છે.



**આંકડાના પાન**



**લીંમડાના પાન**



**કુંવારપાઠુંના પાન**





**ખેતર પર જુદાજુદા પાનનો ઉકાળો**





**જુદાજુદા પાનનો ઉકાળો તૈયાર કરી દ્રાવણ બનાવી દાડમના છોડ પર છંટકાવ**